# લોકસંચલન

ઉત્થાન Utthan

લોકસંગઠન દ્વારા ગ્રામવિકાસના કાર્યોને વાચા આપતું ત્રિમાસિક

વર્ષ : ૬ અંક-૪ ઓક્ટોબર-ડિસેમ્બર ૨૦૦૭ ફક્ત અંગત વિતરણ માટે

## જનાદેશ

વંચિતોના જમીન અધિકાર માટે રાષ્ટ્રીય કક્ષાએ અનેક સંસ્થાઓ અને સંગઠનોએ મળી એક સામૂહિક કાર્યક્રમ હાથ ધર્યો છે. જેમાં વંચિતોના કેટલાક જમીન અધિકાર સંબંધિત મહત્વના નિર્ણયો લેવા બાબતે અહિંસક માર્ગે સરકારને આદેશની ભાષામાં તાકીદ કરી છે.

આ કાર્યક્રમ સંદર્ભે ગ્વાલિયર-મધ્યપ્રદેશથી ૨ ઓક્ટોબર,૦૭ ના રોજ ગાંધીજયંતિ દિને ૪૭ કરોડ મહિલાઓના જમીન અધિકાર માટે, ૨૦ કરોડ ભુમિહીન ખેતમજુરો અને વંચિતોની રોજી-રોટી,જમીન અને સ્વમાન ખાતર તથા ૭ કરોડ આદિવાસીઓના કબજાની જમીનમાલિકીના અધિકાર ખાતર તથા ૪ કરોડ વિસ્થાપિતો અને વંચિતોના ન્યાય ખાતર ૨૫૦૦૦ ભૂમિહીનોની યાત્રા 'એકતાપરિષદ'ના સંકલન દ્વારા રવાના કરેલ છે.

ગુજરાતના સંદર્ભે વાત કરીએ તો ગુજરાતમાં માર્ચ,૨૦૦૩ પછી જમીન વપરાશના કોઇ અંતિમ આંકડા પ્રાપ્ય નથી તેવું સરકારી પ્રકાશન 'સામાજિક-આર્થિક સમીક્ષા અહેવાલ (૨૦૦૬-૦૭)' માં જણાવવામાં આવ્યું છે. ઇ.સ.૧૯૮૦ માં ૧૯.૬૫ લાખ હેક્ટરમાં જંગલો અને ૨૫.૦૩ લાખ હેક્ટરમાં ઉજ્જડ જમીન હતી જ્યારે ઇ.સ.૨૦૦૩ ના આંકડા મુજબ ૧૮.૫૩ લાખ હેક્ટર જમીન પર અત્યારે જંગલો છે અને ૨૩.૦૮ લાખ હેક્ટર જમીન ઉજ્જડ છે કે જ્યાં વસવાટ નથી કે ખેતી નથી.

રાજ્યમાં ખેતીની જમીન તો ઠીક પરંતુ પડતર જમીન પણ ચપોચપ વહેંચાવા લાગી છે. આથી સરકારના કબજા હેઠળની અન્ય પડતર જમીનમાં ૯.૩૦ લાખ હેક્ટરનો ચોખ્ખો ઘટાડો જોવા મળે છે. હવે સરકારની નજર ૪.૫૪ ટકા વિસ્તારમાંની કાયમી ગૌચરની ૮.૫૦ લાખ હેક્ટર જમીન ઉપર છે. આ ઉપરાંત ખેડવાલાયક પડતર એવી ૧૯.૮૫ લાખ હેક્ટર જમીનના નકશા બનાવવામાં આવ્યાં છે. અમને આશંકા છે કે સરકાર જમીનવિહોણા ખેતમજુરોને બદલે મોટા ઉધોગપતિઓને આ જમીન સસ્તા ભાવે આપી દેવાનું આયોજન કરી રહી છે. આજે આવી ગૌચર અને સરકારી પડતર જમીન પર જમીનવિહોણા ખેતમજૂરો,માલધારી રબારીઓ તથા અન્ય લોકો ઘાસચારો,બળતણ અને ગૌણપેદાશો મેળવવા તથા શાકભાજી ઉગાડી એક યા બીજા સ્વરૂપે આજીવિકા અર્થે તેની પર નિર્ભર છે. જમીન પરનો તેમનો આવો હક્ક કોઇપણ સંજોગોમાં છીનવાવો ન જોઇએ, અમે તેનો સખત વિરોધ કરીએ છીએ.

સરકારે માત્ર બે જ વર્ષમાં ૬૭૫૦ એકર ખેતીલાયક જમીનને બિનખેતીલાયક જમીનમાં ફેરવીને ખેડૂતો પાસેથી તેમના હરિયાળા ખેતરો છીનવી લઈ પ્રદૂષણ ઓકતા કારખાનાં બનાવવા માટે ઉધોગપતિઓને આપવા જમીનોની દલાલી કરવાની શરૂ કરી દીધી છે. દિવસે દિવસે ખેડુતો ફળદ્રુપ જમીનો ગુમાવતા જતા હોય તેવા મુખ્ય ત્રણ જિલ્લા છે - કચ્છ, અમદાવાદ, વડોદરા. છેલ્લા બે વર્ષમાં જ એન.એ.કરાઇ હોય તેવી ૨.૭૩ કરોડ ચોરસમીટર જમીન છે.

સરકારની એસઇઝેડની નીતિના કારણે ખેડુતો સમૃધ્ધ બની રહ્યાં હોવાનો આભાસ ભલે થતો હોય પરંતુ ખેતી બરબાદીના પંથે છે એ વાત ચોકકસ. ગુજરાતમાં લાખો હેક્ટર જમીનના સોદા વીતેલા ૨૭ વર્ષમાં થઇ ચુક્યાં છે. હવે આ પ્રક્રિયાએ જેટગતિ પકડી છે. આ જોતાં એવું લાગી રહ્યું છે કે ગામડાં વધુ ને વધુ તુટતા જશે જયારે શહેરો વધુમાં વધુ મજબૂત બનતા જશે.

આ સંજોગોમાં 'જનાદેશ-ગુજરાત' આપશ્રી પાસેથી જાણવા માંગે છે કે સરકાર તકવંચિત ગરીબોનો જમીનનો અધિકાર છીનવાઇ ન જાય તે માટે શા પગલાં લઇ રહી છે? અમે આપને જનાદેશ-ગુજરાત તરફથી નીચેની બાબતોનો નિર્ણય લેવા આદેશ આપીએ છીએ.


ભાવનગર કલેકટરશ્રીને આવેદનપત્ર આપતા સ્થાનિક સંગઠનના સભ્યો

૧. રાષ્ટ્રીય ભુમિ પ્રાધિકરણની સ્થાપના.
૨. સમસ્ત ભુમિહીનોને ભુમિનો અધિકાર.
૩. વનભૂમિ પર કબજેદારોનો માલિકી હક.
૪. ગ્રામીણ બેરોજગાર ઉન્મુલન રોજગાર નીતિને કાયદાના ક્ષેત્રમાં લાવવી.
૫. સીમાંત ખેડૂતો દ્વારા સમર્થિત કૃષિનીતિ.
૬. આદિવાસી-દલિત અને વંચિત સમર્થિત જળ-અધિકાર નીતિ.
૭. ખેડુત સમર્થિત ઉત્પાદન આધારિત મુલ્યનિર્ધારણ
૮. મહિલા ,દલિત અને આદિવાસીઓ, વિભિન્ન સરકારી વિભાગો, અધિકારીઓ, કર્મચારીઓ, ખાસ કરીને વનવિભાગ અને પોલીસ દ્વારા થનારા જુલમની આ સ્પષ્ટ કરવું.
૯. ભુમિસુધારની પ્રક્રિયાને સર્વ રાજ્યોમાં લાગુ કરવી.
૧૦. કૃષિયોગ્ય ભુમિને બિનકૃષિના કામ માટે લેવા પર સંપૂર્ણપણે બંધી.

લોકલાગણી અને માંગણીને માન આપી એક જિલ્લાસમાહર્તા તરીકે આપ આ બાબતને ગંભીરતાપુર્વક લઇ ભારત સરકાર તેમજ રાજ્ય સરકારના સબંધિત વિભાગોને જનાદેશનો સંદેશો પહોંચાડવા યોગ્ય કાર્યવાહી કરવા આદેશ આપીએ છીએ. લોકતાંત્રિક સમાજ રચનામાં લોકો સર્વોપરી છે અને તેમનો આદેશ માથે ચડાવવો તે સરકાર તથા વહીવટીતંત્રની ફરજ છે એમ અમે નમ્રપણે માનીએ છીએ અને તેથી આદેશની ભાષામાં અમે આપને આ નિવેદન પાઠવીએ છીએ. કેન્દ્ર સરકારશ્રીને વાકેફ કરવા આજના દિવસે ઘોઘા, તળાજા, ભાવનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારના સંગઠનોના ભાઈઓ–બહેનો તેમજ પાણી સમિતિ, વોટરશેડ કમિટી અને આફત વ્યવસ્થાપન કમિટીઓએ વડાપ્રધાનશ્રીને 300 પોસ્ટકાર્ડ લખી પોતાનો અવાજ પહોંચાડી જનાદેશ ગુજરાત–૦૭ ને સમર્થન જાહેર કરેલ છે.

## પ્રતિભાવો

⋆ પ્રિય પ્રવીણભાઇ તથા લોકસંચલનની સંપાદક ટુકડી, સૌ પ્રથમ લોક સંચલનના નિયમિત અને સફળ, સતત પ્રકાશન માટે આપ સૌને અભિનંદન. આ મુખપત્ર આમ જ પ્રકાશિત થતું રહે તથા વિકાસલક્ષી કાર્યાનુભાવોનું સતત વાંચન થતું રહે તે માટે આપ સૌ સતત કાર્યશીલ રહો તેવી શુભકામના. આપના તરફથી આ મુખપત્રની નકલ મને મળે છે તે બદલ આભાર આ સાથે આપના પ્રયત્નોને બિરદાવું છું.

– સેજલ દવે, અમદાવાદ.

⋆ "લોક સંચલન" પ્રકાશિત થયું અને માહિતી પ્રસારણના કાર્યમાં એક પીંછું વધુ ઉમેરાયું તે બદલ અભિનંદન ટી.વી.ના યુગમાં હજુ આજે પણ આ માધ્યમ સશક્ત છે તેનો પુરાવો તમારું આ સાહસ દેખાડે છે. આ મુખપત્ર અમારા જેવા વિદ્યાર્થીને ઉપયોગી થશે..

– નેહલ ત્રિવેદી, સહજાનંદ કોલેજ, ભાવનગર.

## ગુજરાત સરકાર દ્વારા "મહિલા સશક્તિકરણ" અર્થે – મહિલાઓના નામે થતો આ ખર્ચો કોના "ફાયદા" માટે...કોના ભોગે ?

**"મહિલા સશક્તિકરણ" ના નામે કરવામાં આવતા અભિયાનો પાછળના ખર્ચો અંગે ગુજરાતની જાગૃત મહિલાઓએ મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીને ખુલ્લો પત્ર લખેલ જેનો ત્રણ મહિના પછી પણ જવાબ ન મળતાં માહિતીના અધિકાર અધિનિયમ, ૨૦૦૫ હેઠળ અરજી કરવાની ફરજ પડી જેમાં કેટલાંક ચોંકાવનારા જવાબો પ્રાપ્ત થયાં છે.**

| જિલ્લો | ફરાસખાના ખર્ચ | વાહન ખર્ચ રૂ. | ફુડ પેકેટ રૂ. | પોસ્ટર, બેનર, હોર્ડિંગ્સ પેટે રૂ. | જાહેરાત પેટે રૂ. | મુખ્યમંત્રી તથા અન્ય મંત્રીઓને આવવા જવાનો, સુરક્ષાનો, આગતા સ્વાગતાનો ખર્ચ | કુલ રૂ. |
|---|---|---|---|---|---|---|---|
| વલસાડ | ૧૧,૧૨,૦૦૦ નો ખર્ચ થયેલ છે. મંડપનો ખર્ચ બાકી છે. | ૫,૮૩,૬૮૮.૦૦ | ૩,૩૫,૬૦૧ | ૧,૮૯,૩૭૨.૦૦ | ૧૦.૨૭૯.૦૦ | જિ.કક્ષાએ કરેલ નથી | ૨૨૩૮૯૪૦.૦૦ |
| કચ્છ–ભુજ | | ૪,૭૯,૨૦૮.૦૦ | ૩,૬૫,૪૯૮.૦૦ | ૧,૫૮,૧૬૦.૦૦ | - | જિ.કક્ષાએ કરેલ નથી | ૧૦૦૨૮૬૬.૦૦ |
| ભાવનગર | ૨૫,૩૪,૧૫૨.૦૦ | ૮૨,૧૨,૪૨૯.૦૦ ૭,૦૦,૦૦૦.૦૦ એડવાન્સ | ૫,૦૦,૦૦૦.૦૦ | ૧,૦૭,૬૫૦.૦૦ | - | જિ.કક્ષાએ કરેલ નથી | ૧૧૩૫૪૨૩૧.૦૦ |
| ગાંધીનગર | ૯૦૦,૦૦૦.૦૦ ૭૫,૯૦૮.૦૦ (જી.ઇ.બી.) | ૭,૩૧,૭૮૩.૦૦ | ૨,૨૦,૦૩૦.૦૦ (૪૦,૦૦૦.૦૦) જિ.ઉ.કે. ગાંધીનગરને પાણીનાપાઉચના ૪૦,૬૫૦.૦૦ | ૧૮,૦૩૦.૦૦ | બેઝ ૨૫૦૦.૦૦ મલ્ટીકલર કાર્ડ ૩૦૦૦.૦૦ | જિ.કક્ષાએ કરેલ નથી ૭૫૦૦.૦૦ પ્રોગ્રામ એનાઉન્સર | ૨૩૨૬૧૮૦.૦૦ |
| બનાસકાંઠા | ૭,૪૭,૨૪૫.૦૦ | ૨૯,૯૫,૧૪૪.૦૦ | | ૭૬,૮૪૨.૦૦ | | જિ.કક્ષાએ કરેલ નથી | ૩૮૧૯૨૩૧.૦૦ |
| ભરુચ | ૬,૭૩,૧૩૫.૦૦ | ૮,૦૬,૩૨૬.૦૦ | ૩૫,૭૧૯.૦૦ | ૯૮,૪૦૨.૦૦ | - | જિ.કક્ષાએ કરેલ નથી ૭૫૦૦.૦૦ મહિલા એનાઉ. | ૧૬૨૦૨૮૨.૦૦ |
| નવસારી | ૧૮,૬૪,૭૨૦.૦૦ | ૨૫,૦૫,૬૧૮.૦૦ | ૩,૫૭,૮૦૦.૦૦ | ૧૦,૬૨૫.૦૦ | ૪૫,૦૦૦.૦૦ | જિ.કક્ષાએ કરેલ નથી ૨૯૯૫.૦૦ આગતા સ્વા. | ૪૭૮૫૮૫૮.૦૦ |
| પાટણ | ૮,૯૦,૦૦૦.૦૦ | ૧,૫૨,૯૯૨.૦૦ | ૩,૩૨,૩૦૦.૦૦ | ૧,૨૬,૪૪૪.૦૦ | - | જિ.કક્ષાએ કરેલ નથી | ૨૮૭૮૬૬૭.૦૦ |
| દાહોદ | ૧૧,૧૨,૬૫૮.૦૦ | ૪,૨૫,૬૫૩.૦૦ | ૩,૨૪,૦૦૦.૦૦ | ૧,૦૨,૭૭૩.૦૦ | ૮૭,૭૫૦.૦૦ | જિ.કક્ષાએ કરેલ નથી ૩૩૦૦.૦૦ આગતા સ્વા. | ૨૦૫૬૧૩૪.૦૦ |
| ગોધરા | ૧૦,૨૭,૭૮૪.૦૦ | ૩૦,૯૦,૭૫૨.૦૦ | ૩,૧૧,૩૨૭.૦૦ | ૪૪,૦૯૦.૦૦ | ૩૮,૦૦૦.૦૦ | જિ.કક્ષાએ કરેલ નથી | ૪૫૧૧૯૫૩.૦૦ |
| સુરત | માત્ર કુલ ખર્ચ મોકલેલ છે. | | | | | | ૩૮૫૪૧૧૯.૦૦ |
| નર્મદા | ૯,૪૨,૨૫૪.૦૦ | ૬,૯૦,૬૭૩.૦૦ | ૫૮,૮૦૦.૦૦ | બીલો રજુ થયેલ | બીલો રજુ થયેલ | જિ.કક્ષાએ કરેલ નથી | ૧૬૯૧૭૨૭.૦૦ |

ઈશ્વરનો આત્મા તો પાણી ઉપર બીરાજે છે. પાણી હોય તો જ વૃક્ષોની આશા રખાય – બાઈબલ

## કાન્તાબહેને શિક્ષકો અને સમાજને પાઠ ભણાવ્યો

ગુજરાતનો દાહોદ જિલ્લો એટલે આદિવાસી વિસ્તાર કે જે એકદમ પછાત છે . અહીં ત્યાંનો એક પ્રેરણા પ્રસંગ મૂકવામાં આવ્યો છે. ધાનપુર તાલુકાના નાકટી ગામના કાન્તાબહેને પોતાના ગામમાં અપાતા શિક્ષણ અને પોતાના સમાજમાં ચાલતા કુરિવાજો બાબતે ગામલોકોનું ધ્યાન દોર્યું અને પરિસ્થિતિ સુધારવાનો પ્રયત્ન કર્યો.

નાકટી ગામના લોકોમાં માનવાધિકાર બાબતની જાગૃતિ ઊભી કરવા અને ગામની બહેનોને આગળ લાવવા માટેની શરૂઆત 'ઉત્થાન' સંસ્થા દ્વારા કરવામાં આવેલ. શરૂઆતમાં બહેનોને એકઠા કરીને તેમના અધિકાર બાબતે તેમને સમજ આપવામાં આવી અને સમય જતાં બહેનોનુ સંગઠન ઊભું કરવામાં આવ્યું. આ સંગઠનની બહેનોને તાલીમો,પ્રેરણા પ્રવાસો અને મીટીંગો દ્વારા બચત, મહિલા અધિકારો જેવી મહત્વપૂર્ણ વિષયો બાબતની સમજ પૂરી પાડવામાં આવી.ત્યારબાદ આમાંના એક મંડળના આગેવાન તરીકે કાન્તાબહેની પસંદગી કરવામાં આવી.

સમય જતાં કાન્તાબહેનને વિચાર આવ્યો કે જો આપણે આપણા ગામનો સાચા અર્થમાં વિકાસ કરવો હોય તો તેની શરૂઆત આપણે આપણા શાળાકીય શિક્ષણની સુધારણાથી કરવી જોઇએ કારણ કે શિક્ષણ થકી ગામના બાળકોનું અને ગામનું ભવિષ્ય ઉજજવળ થનાર છે.આ વિચારથી કાન્તાબહેને એક દિવસ ગામની પ્રાથમિક શાળાની મુલાકાત લેવાનું નક્કી કર્યું અને આ બાબતે સંગઠનની અન્ય બહેનોને પણ તૈયાર કરી.આમ નક્કી કરેલ દિવસે આ બધી બહેનોએ ગામની શાળાની મુલાકાત લીધી. ત્યા જઇને તેમણે જોયું તો શિક્ષકો બાળકોને ભણાવવાને બદલે પોતપોતાના ખાનગી કામમાં વ્યસ્ત હતાં અને જયારે તેમને આ બાબતે પૂછવામાં આવ્યું તે તેના જવાબમાં તેમણે કહ્યું કે, “બધા જ બાળકો હોશિયાર છે તેમને બધું આવડે જ છે .” આ સાંભળી ચૂપચાપ બહેનો ત્યાંથી પાછા ફરી ગયાં અને આ બાબતે ગામના અન્ય બહેનોને વાત કરી. આ સાંભળી તેઓ ગામના એક ભણેલા બહેનને સાથે લઇને તરત જ ફરી પાછા શાળાએ ગયાં ત્યાં જઇને તેમણે ૪ થા ધોરણની મુલાકાત લઇ તેમાં ભણતા વિદ્યાર્થીઓને તેમના પાઠય પુસ્તકો વાંચવા માટે કહયું. તો કોઇ બાળકોને સારી રીતે વાંચતાં નહોતું આવડતું.આ જોઇ ગામની બહેનોએ તરત જ ત્યાંના શિક્ષકોને સંભળાવ્યું કે , “તમો તો કહો છો કે વિદ્યાર્થીઓને બધુ જ આવડે છે પણ ચોથા ધોરણમાં ભણતાં બાળકોને તો સરખું વાંચતા પણ નથી આવડતુ તો તમે કઇ રીતે અમારા બાળકોનુ ભવિષ્ય સુધારવાના? આ ઉપરાંત બહેનોએ શિક્ષકોને કહ્યાં કે



"હવે જો તમે અમારા બાળકોને સારી રીતે ભણાવશો નહીં તો અમે આ બાબતે આગળ કડક પગલા લઇશું" ,આ શાંભળીને શિક્ષકોએ તરત જ ગામની બહેનોની માફી માંગી અને બાળકોને સારું શિક્ષણ આપવાની બાંહેધરી પણ આપી.

આમ બહેનોએ શિક્ષકોને પાઠ ભણાવ્યો.આ પછી તો ગામમાં શિક્ષકો નિયમિત આવે છે અને બાળકોને ભણાવવામાં વ્યસ્ત રહે છે,આ તો થયુ શિક્ષણનું કામ. આ પછી કાન્તાબહેને બીજું કામ હાથમાં લીધું,તે એ છે કે તેમની કોળી જ્ઞાતિમાં ચાલતી દહેજપ્રથાને દૂર કરવી. દહેજ આપવામાં નબળા કુટુંબોની દીકરીઓને તેમના સાસરીયામાં દહેજ નહીં લાવવા બદલ અવાર નવાર મેણા ટોણા પણ સાંભળવા પડે છે અને સાથે સાથે કન્યાપક્ષે લગ્ન સમયે દીકરીઓના સાસરીપક્ષેથી આવેલ જાનૈયાઓને દારૂ,બીડી અને તમાકુ ફરજિયાત પીવડાવવામાં આવે છે,આવા કુરિવાજને દૂર કરવાની શરૂઆત કાન્તાબહેને તેમના સંગઠનના બહેનની દિકરીના લગ્ન સમયે જ સમાજના આગેવાનોને " અમે આ છોકરીનું દહેજ નહી લેવા દઇએ જો તમારે દહેજ લેવુ જ હોય તો ફક્ત ૫૦ રૂ.લઇ શકશો" એમ કહી કરી. આ સાથે જ દીકરીના લગ્ન સમયે કન્યાપક્ષ તરફથી કરવામા આવતો જાનૈયા માટેનો દારૂ,બીડી અને તમાકુનો ખર્ચ કરવાનો રિવાજ પણ બંધ કરવામાં આવ્યો.

આમ જો બધા જ ગામોની અંદર કાન્તાબહેન જેવા બહેનો તૈયાર થાય તો આવનાર પેઢીને કોઇ જ પ્રકારની મુશ્કેલી પડે નહીં અને આ પછાત વિસ્તાર શિક્ષિત બની જાયઢ

લક્ષ્મી બહેન, ઉત્થાન લીમખેડા.

## જતી રહી જિંદગી તોય.......

જતી રહી જિંદગી તોયે કહે લીલાલહેર છે,
સમાજના કાયદામાં ફેર છે રે તોયે કહે લીલા........

દિકરો જન્મે તો કહે કુળનો વારસદાર છે,
દિકરી માટે તો કિર્યટન છે રે તોય કહે લીલા.........

દિકરાના જીવનમાં ભણતરનું માન છે,
દિકરી માટે ઘરના કામ છે રે તોય કહે લીલા.........

ભાઇઓના હાથમાં જુઓ મોબાઇલ ફોન છે,
બહેનોના હાથમાં નાના બાળ છે રે તોય કહે લીલા.....

સમાજની મર્યાદા બહનોને સંગ છે,
ભાઇઓને ઓર્ડર પસંદ છે રે તોય કહે લીલા.........

ભાઇઓને નામ ખેતર ને ઘર છે,
બહેનોને પીવા માટે ઝેર છે રે તોય કહે લીલા........

બાળક ન થાય તો કહે વાંઝણી નાર છે,
આવી તો બહેનો માટે ગાળ છે રે તોય કહે લીલા......

આવી જ હિંસા બહેનો આપણા જ ઘેર છે,
ગડબડ ગોટાળો ઠેર ઠેર છે રે તોય કહે લીલા.........

જતી રહી જીંદગી તોય કહે લીલા લહેર છે,
સમાજના કાયદામાં ફેર છે રે તોય કહે લીલા........

જયાબહેન સુમરા, નવા રતનપર
સમર્થન મહિલા મહાસંઘના સભ્ય

## ઉત્થાન સમાચાર

☆ નફિસા બારોટ : તારીખ ૧૮ ઓક્ટોબર, ૨૦૦૭ ના રોજ અમેરીકા ખાતે અમેરિકન ઇન્ડિયા ફાઉન્ડેશને એક શિખર પરિષદમાં ઉત્થાનનું પ્રતિનિધિત્વ કરેલ હતુ.

☆ પલ્લવી સોબાતી-રાજપાલે તારીખ ૧૮-૨૧ નવેમ્બર, ૨૦૦૭ દરમિયાન ઇસ્તંબુલ તુર્કી ખાતે 'યંગ વિમેન્સ ઇન્સ્ટીટયૂટ ઓન ચેલેન્જીંગ એન્ડ રિઝિસ્ટીંગ ફન્ડમેન્ટેલિઝમ્સ' વિષયક ચાર દિવસીય નારીવાદી ગોષ્ઠીમાં ઉત્થાનનું પ્રતિનિધિત્વ કર્યુ હતું.

☆ નફીસા બારોટ તારીખ ૨૬ થી ૨૮ નવેમ્બર ૨૦૦૭ દરમ્યાન ગ્લોબલ વોટર પાર્ટનરશીપ (GWP) ની સ્ટીયરીંગ કમિટિની મીટીંગમાં મનીલા, ફિલિપાઇન્સ ખાતે ગયા હતા અને ઉત્થાનનું પ્રતિનિધિત્વ કરેલ.

☆ લોક શિક્ષણ કેન્દ્ર, પાણી અને સ્વચ્છતા અંતર્ગત રીટાબેન ચપલા અને યુવરાજસિંહ ગોહિલે ગ્રામ વિકાસ (ઓરીસ્સા) માં તા.૨૨-૧૧-૨૦૦૭ થી ૬-૧૨-૨૦૦૭ના સમયગાળા દરમ્યાન ટોટલ સેનીટેશન અને હાઇજીન પ્રમોશન અંગેની તાલીમમાં ગયેલ.

☆ પ્રવિણ ભીકડીયાએ તા.૧ થી ૪ નવે'૦૭ દરમ્યાન વર્લ્ડ ટોઇલેટ સમિટ '૦૭ દિલ્હીમાં ભાગ લીધો હતો.

☆ પી.એલ.સી., દરિયાઇ દ્વારા પડવા ગામે માહિતી કેન્દ્રહની શરૂઆત કરવામાં આવી જયાંથી દર સોમ.મંગળ અને ગુરુવારે વિવિધ યોજનાના ફોર્મ અને માહિતી લોકોને મળી રહેશે. જેનો સમય સવારના ૧૦ થી સાંજના ૪:૩૦ સુધીનો રહેશે.

## જોયું......

જયા રાઠોડ પીએલસી દરીયાઇ-ભાવનગર




### ગયા અંકનો જવાબ

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧ બં | ક | ● | ૨ શ્ર | ૩ મ | દા | ન |
| ● | ● | ૪ ભુ | ● | રા | ● | ● |
| ૫ સં | ૬ સ્થા | ● | ૭ સ | મ | ર | ૮ સ |
| ● | ૯ નિ | ય | મિ | ત | ● | ર |
| ૧૦ હ | ક | ● | તિ | ● | ● | પં |
| યા | ● | ● | ● | ૧૧ ર | ૧૨ ના | ચ |
| ૧૩ ત | લા | ટી | ● | ૧૪ સ | મ | ● |

રીટાચપલા, પી.એલ.સી.વીટસન

**PRINTED MATTER**

પ્રતિ શ્રી,

સંપાદક ટુકડી :
પ્રવિણ ભીકડીયા, નીતા પઢીયાર, જયા રાઠોડ, રીટા ચપલા,
સાજેદા સીસોદી

સંકલન ટીમ :
દીપ્તિ અંધારીયા, મુસ્તાક ડેરૈયા, અલ્પેશ રાજ્યગુરૂ

પ્રકાશક :
ઉત્થાન
લોક શિક્ષણ કેન્દ્ર - પાણી અને સ્વચ્છતા
(પી. એલ. સી. વોટસેન)
સી-૧૧૫૭, મનુરાજ ચમારડી વાળા,
એસ.બી.એસ. સામે,
કાળીયાબીડ, ભાવનગર - ૩૬૪૦૦૨.
ફોન / ફેક્સ : ૦૨૭૮-૨૫૭૩૦૬૧
e-mail : plcwatsan@dataone.in, plc_watsan@rediffmail.com
visit us on : www.plcwatsanutthan.org